Letter No: WCDD/0101/06/2024   Dt: 10-06-2024

સુશ્રી આરતીબેન ઠાકર, પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧, ગાંધીનગર મહાનગરપાલિકાનો ફરજિયાત પ્રતીક્ષાનો સમયગાળો મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2024/0352/B1

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:

૧) સામાન્ય વહીવટ વિભાગની તા.૧૪/૦૩/૨૦૨૪ ની અધિસૂચના ક્રમાંક: મતમ/૧૦૨૦૨૩/૧૧૮૧/ખ.૨

૨) મહિલા અને બાળ વિકાસ વિભાગની તા.૧૭/૦૫/૨૦૨૪ની અધિસૂચના ક્રમાંક,આઈસીડી/૧૦૨૦૧૮/ ૨૬૪૯/બ-૧

**પ્રસ્તાવના :**

વંચાણે લીધા (૧) પરના આદેશથી માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણના કાર્યાલયમાં 'અંગત મદદનીશ' તરીકે ફરજો બજાવતા સુશ્રી આરતીબેન ઠાકર, પ્રોગામ ઓફીસર(ICDS), વર્ગ-૧ની પ્રતિનિયુક્તિની સેવાઓ પરત લઈ ફરજ મુક્ત કરવામાં આવેલ છે અને તેમની સેવાઓ પુન: ફાળવણી માટે વિભાગની બ-૧ શાખાના હવાલે મુકવામાં આવેલ હતા. વંચાણે લીધા (૨) પરની અધિસૂચનાથી સુશ્રી ઠાકરને પ્રોગ્રામ અધિકારી, ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નિમણૂક આપતા તેઓ તા.૨૨/૦૫/૨૦૨૪ના રોજ પુન:ફાળવણીથી નિમણૂંકની જગ્યાએ હાજર થયેલ હતા. આમ, સુશ્રી ઠાકરને તા.૧૫/૦૩/૨૦૨૪ થી તા.૨૧/૦૫/૨૦૨૪ સુધી ફરજિયાત પ્રતિક્ષા કરવી પડી હતી, જે અન્વયે ફરજિયાત પ્રતિક્ષાનો સમયગાળો મંજુર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**// હુકમ//**

ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાનો સમય, ફરજમોકૂફી વગેરે) નિયમો, ૨૦૦૨ના નિયમ ૨૭(ઘ) અને ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ-૩૩ ની જોગવાઈ મુજબ, સુશ્રી આરતીબેન ઠાકર, પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧, ગાંધીનગર મહાનગરપાલિકાનો તા.૧૫/૦૩/૨૦૨૪ થી તા.૨૧/૦૫/૨૦૨૪ સુધીનો ફરજિયાત પ્રતિક્ષાનો સમયગાળો મંજૂર કરવામાં આવે છે. તેઓના ઉક્ત સમયગાળાના પગાર ભથ્થા અને અન્ય તમામ બાબતો માટેનું લિયન કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી (આઈસીડીએસ) ખાતે નક્કી કરવામાં આવે છે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સચિવશ્રીની તા.૦૫/૦૬/૨૦૨૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃણાાલ હિંગુ )

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ.

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ગાંધીનગર.

(૪) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.ગાંધીનગર.

(૫) સુશ્રી આરતીબેન ઠાકર, પ્રોગ્રામ અધિકારી,વર્ગ-૧, ગાંધીનગર મહાનગરપાલિકા.

(૬) શાખા સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2024.06.10
16:08:27 +05:30

File No: WCDD/DRA/e-file/23/2024/0352/B1 Branch
Approved By: Joint Secretary,B1 Branch,WCDD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign